Financial Express - 11.04.2014

# નિરમા લિમિટેડ

રજી. ઓફીસ : નિરમા હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન નંબર : ૦૭૯ ૨૭૫૪૬૫૬૫, ફેકસ નંબર ૦૭૯ ૨૭૫૪૬૬૦૫
ઈ-મેઈલ : info@nirma.co.in. CIN : U24240GJ1980PLC003670

## નિરમા લિમિટેડના પ્રેફરન્સ શેરોની પરત ચૂકવણી અંગેની નોટિસ

આથી નિરમા લિમિટેડ (હવે પછી જેનો "કંપની" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) ના તમામ પ્રેફરન્સ શેર હોલ્ડરોને નોટિસ આપવામાં આવે છે કે, કંપની તેના ૬% ના રીડીમેબલ નોન કયુમીલેટીવ નોન કન્વર્ટીબલ રૂા. ૧/- ના એક એવા પ્રેફરન્સ શેરો તેની દાર્શનિક કિંમતે તારીખ : ૩૦-૦૪-૨૦૧૪ ને બુધવારના રોજ પરત ચૂકવણી કરશે. પરત ચૂકવણી અને પરત ચૂકવણીની રકમ મેળવવા માટે હકકદાર હોય તેવા પ્રેફરન્સ શેર ધારકોના નામો નકકી કરવા માટે તારીખ : ૧૯-૦૪-૨૦૧૪ ને શનિવારના રોજને રેકોર્ડ ડેટ તરીકે નકકી કરવામાં આવેલ છે.

તારીખ : ૧૯-૦૪-૨૦૧૪ ને શનિવાર ના દિવસના અંતે કંપનીના સભાસદોના રજીસ્ટર્સ ઉપર અને / અથવા NSDL તેમજ CDSL ના રેકોર્ડ ઉપર જે હિતાધિકારી / શેર ધારકો દર્શાવેલ હશે તેઓ આ પરત ચૂકવણીની રકમ મેળવવા માટે હકકદાર રહેશે.

વધુમાં જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, જે કોઈ વ્યકિત શેર ટ્રાન્સફરર (Transferor) દ્વારા સહી કરેલ ટ્રાન્સફર ડીડ સાથે કંપનીના પ્રેફરન્સ શેર સર્ટીફીકેટ ધરાવતા હોય પરંતુ, તેઓના નામે તબદીલ ના થયા હોય તો તેઓએ પોતાના નામ તેમજ જરૂરી વિગતો સાથે કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટને તારીખ : ૧૯-૦૪-૨૦૧૪ ને શનિવાર ના રોજ અથવા તે પહેલાં મળી જાય તે રીતે જરૂરી નોંધણી માટે મોકલી આપવાના રહેશે.

આ બાબતની નોંધ લેવા વિનંતી છે કે, જે કેસમાં પ્રેફરન્સ શેર ડી-મટીરીયલાઈઝ સ્વરૂપે ધારણ કરવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં તેમના ડીમેટ ખાતામાં આપોઆપ શેર ઉધરી (ડેબીટ) થઈ જશે. પરંતુ, જે કિસ્સામાં પ્રેફરન્સ શેરો પ્રત્યક્ષ (ફીઝીકલ) સ્વરૂપે ધારણ કરેલા હશે તેવા કિસ્સામાં કંપનીને અથવા કંપનીના ટ્રાન્સફર શેર એજન્ટને શેર સર્ટીફીકેટ પરત મોકલ્યા વગર તેવા શેરો આપોઆપ રદબાતલ થઈ જશે. પરત ચૂકવણીની રકમ ઈલેકટ્રોનીકસ માધ્યમથી અથવા તો ચૂકવણી વોરન્ટથી ચૂકવવામાં આવશે.

બિનનિવાસી ભારતીય શેર ધારકોને વિનંતી કરવામાં આવે છે કે, જો અગાઉ જણાવેલ ન હોય તો તેઓએ તેમના ભારતમાં ચાલુ રાખવામા આવેલ બેંક એકાઉન્ટની પૂરી વિગત જેવી કે બેંકનું પૂરું નામ, શાખાનું નામ, ખાતાનો પ્રકાર, ખાતા નંબર, બેંકનું સરનામું અને પીન કોડ નંબરની માહિતી આપવાની રહેશે.

ડી-મટીરીયલાઈઝ સ્વરૂપમાં શેર ધારણ કરતાં શેર ધારકોને જણાવવામાં આવે છે કે, તેઓના સરનામા કે બેંકની વિગતમાં ફેરફાર હોય તો તેની જાણ તેમના ડીમેટ પાર્ટીસીપન્ટસને અથવા જે કીસ્સામાં પ્રત્યક્ષ (ફીઝીકલ) સ્વરૂપમાં ધારણ કરવામાં આવ્યા હોય તેવા કેસોમાં તેઓએ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ મે. શેરપ્રો સર્વિસીસ (ઈન્ડિયા) પ્રા. લિ. ૧૩ એબી સમહિતા વેરહાઉસીંગ કોમ્પલેક્ષ, બીજો માળ, સાકીનાકા ટેલીફોન એક્ષચેન્જ લેન પાસે, અંધેરી-કુર્લા રોડ સામે, સાકીનાકા, અંધેરી (ઈસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૭૨ ને જાણ કરવાની રહેશે.

બોર્ડ ઓફ ડીરેકટર્સના હુકમથી
નિરમા લિમિટેડ વતી,
પરેશ શેઠ
કંપની સેક્રેટરી

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૦૯-૦૪-૨૦૧૪